# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત- ૩૯૫૦૦૧

જા.નં./મા-૨/૨૦૨૫/ 11567 તા.25/૦૯/૨૦૨૫.

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ-સુરત.

**વિષય :-** સેવા પર્વ દરમ્યાન ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવા બાબત.
**સંદર્ભ :-** નાયબ વનસંરક્ષકશ્રી, સુરતના તા-૨૦/૦૯/૨૦૨૫નાં પત્ર ક્રમાંક:-અ/વપસ/૧૩/૨૬૨૩-૩૩/૨૦૨૫-૨૬.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે આગામી વન્યપ્રાણી સપ્તાહ-૨૦૨૫ ની ઉજવણીને ધ્યાને લઈ, હાલ ચાલી રહેલા સેવા પર્વ દરમ્યાન ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવું. દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના ૭૫માં જન્મોત્સવથી ચાલુ થનારા આ સેવા પર્વ અને ત્યારબાદ ચાલુ થનાર વન્યપ્રાણી સપ્તાહને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓ આ ચિત્ર સ્પર્ધામાં ભાગ લે તેવું આયોજન છે. શાળાના વિદ્યાર્થીઓમાં વન્યપ્રાણીઓ પ્રત્યે જાગૃતિ વધે તેમજ મનુષ્ય અને પ્રાણી વચ્ચે સહઅસ્તિત્વની ભાવના વિકસે તે આ સ્પર્ધાનો મુખ્ય હેતુ છે. શાળાઓનાં વિદ્યાર્થીઓ વધુને વધુ આ સ્પર્ધામાં જોડાય તે અંગેની કાળજી રાખી ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.

| SVS | Range Office Name | Name Of Location Complete Office Address | Person Name for Coordination | Mobile Number |
|---|---|---|---|---|
| ૧ થી ૧૧ | Dumas | Office of the Range Forest Officer, Dumas Range, Van Bhavan, Gangeshwar Mahadev Road, Adajan, Surat- 395009. | Nitin Varmora (RFO, Dumas) | 9099929484 |
| ૧૨ | Mahuva | Office of the Range Forest Officer, Mahuva Range, Behind Government Veterinary Hospital, Mahuva, D.Surat | Pratibhaben Dhum (RFO, Mahuva) | 8128252111 |
| ૧૩ | Vankal/Mangrol | Office of the Range Forest Officer, Vankal Range, Po. Vankal,Ta. Mangrol,District Surat. | Hiren Patel (RFO, Vankal) | 9726085266 |
| ૧૪ | Umarpada | Office of the Range Forest Officer, Umarpada Range, Post Office Umarpada, District Surat. | Anil Patel (RFO, Umarpada) | 9726975203 |

(**નોંધ:-** ચિત્ર સ્પર્ધામાં A-૩ સાઈઝનાં પેપરનો ઉપયોગ કરવાનો રહેશે.આ **ચિત્ર સ્પર્ધાની થીમ- Human Animal Coexistence (માનવ પ્રાણી સહઅસ્તિત્વ)** છે, તે થીમ પર ચિત્ર દોરવાના રહેશે.)

- શાળા કક્ષાએ ચિત્ર સ્પર્ધા યોજવાની **તા-૨૭/૦૯/૨૦૨૫ (શનિવાર)**
- શાળાએ પ્રથમ ત્રણ વિજેતાનાં ચિત્રો SVS પર જમા કરાવવાની **તા-૨૯/૦૯/૨૦૨૫ (સોમવાર)**
- SVS કન્વીનરે રેન્જ ઓફિસરને SVS ના પ્રથમ ત્રણ વિજેતાનાં ચિત્રો જમા કરાવવાની **તા-૩૦/૦૯/૨૦૨૫ (મંગળવાર)**

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત.

**નાયબ વન સંરક્ષકશ્રી ની કચેરી**

**સુરત વન વિભાગ, સુરત.**

ગંગેશ્વર મહાદેવ રોડ,શિવાજી ચોક,

અડાજણ સુરત.૩૯૫૦૦૯

ઈ-મેઈલ:- dcfsurat2@gmail.com

ફેક્ષ નં:- ૦૨૬૧-૨૭૩૩૮૨૬

ટેલીફોન નં:-૦૨૬૧-૨૭૩૩૮૨૫

---

ક્રમાંક:અ/વપસ/૧૩/2623-33/૨૦૨૫-૨૬

સુરત,તા.20/૦૯/૨૦૨૫

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

સુરત.

**વિષય : સેવા પર્વ દરમ્યાન ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવા બાબત.**

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આગામી વન્યપ્રાણી સપ્તાહ- ૨૦૨૫ ની ઉજવણીને ધ્યાને લઈ, હાલ ચાલી રહેલા સેવા પર્વ દરમ્યાન તા.૨૭/૦૯/૨૦૨૫ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમ્યાન ચિત્ર સ્પર્ધાનું આયોજન જે- તે શાળામાં જ અત્રે દ્વારા હાથ ધરવાની વિચારણા છે. આપણા દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના ૭૫માં જન્મોત્સવથી ચાલુ થનારા આ સેવા પર્વ અને ત્યારબાદ ચાલુ થનાર વન્યપ્રાણી સપ્તાહને ધ્યાનમાં રાખી ૭૫૦૦૦ વિધાર્થીઓ આ ચિત્ર સ્પર્ધામાં ભાગ લે તેવું આયોજન છે. શાળાના વિદ્યાર્થીઓમાં વન્યપ્રાણીઓ પ્રત્યે જાગૃતિ વધે તેમજ મનુષ્ય અને પ્રાણી વચ્ચે સહઅસ્તિત્વની ભાવના વિકસે તે આ સ્પર્ધાનો મુખ્ય હેતુ છે. જેને ધ્યાને લઈ આપના તાબા હેઠળ આવતી શાળાઓનાં વિધાર્થીઓ આ સ્પર્ધામાં જોડાય તે અંગેની જરૂરી કાર્યવાહી થવા વિનંતી છે. આ ચિત્ર સ્પર્ધામાં ભાગલેનાર વિધાર્થીઓની તાલુકાવાર તથા શાળા પ્રમાણે સંખ્યાં જણાવવા વિનંતી છે.

વધુમાં, આ ચિત્ર સ્પર્ધાની થીમ- Human Animal Coexistence (માનવ પ્રાણી સહઅસ્તિત્વ) છે. તથા બે કેટેગરીમાં સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે (૧) ધોરણ ૬ થી ૮ નાં વિધાર્થીઓ (૨) ધોરણ ૯ અને ૧૦ નાં વિદ્યાર્થીઓ. દરેક શાળામાંથી કેટેગરીવાઈઝ પ્રથમ ૩ (ત્રણ) સ્થાન પ્રાપ્ત કરનાર ચિત્રો અત્રે મોકલી આપવાના રહેશે, અત્રે મળેલ કુલ ચિત્રોમાંથી કેટેગરીવાઈઝ ૨૫ (પચ્ચીસ) ચિત્રો સિલેક્ટ કરી તેમને ઈનામ આપવામાં આવશે અને તેનું વન્યપ્રાણી સપ્તાહ દરમ્યાન પ્રદર્શન કરવામાં આવશે.

ઉક્ત આયોજનનાં જરૂરી સંકલન અંગે તાલુકા કક્ષાએ અત્રેના વિભાગમાંથી પરીક્ષેત્ર વન અધિકારીશ્રીને નોડલ તરીકે નિમણૂક કરવામાં આવનાર છે. જેથી તાલુકા શિક્ષણાધિકારીશ્રીને તે અંગે જરૂરી સુચના આપવા વિનંતી છે.

નાયબ વન સંરક્ષક

સુરત

નકલ સવિનય રવાના: નાયાબ વન સંરક્ષકશ્રી, સામાજિક વનીકરણ વિભાગ તરફ તેમના પરિક્ષેત્ર વન અધિકારી તથા તાલુકા વાઈલ્ડલાઈફ વોર્ડનને જાણ તથા તેમના તાલુકાની શાળાઓમાં જરૂરી સંકલન કરીઉક્ત સ્પર્ધા બાબતે જરુરી આયોજન થવા બાબત.

નકલ રવાના: પરિક્ષેત્ર વન અધિકારી તથા તાલુકા વાઈલ્ડલાઈફ વોર્ડન, તમામ તરફ જાણ તથા તેમના તાલુકાની શાળાઓમાં જરૂરી સંકલન કરી ઉક્ત સ્પર્ધા બાબતે જરુરી આયોજન થવા બાબત.

નકલ રવાના: મદદનીશ વન સંરક્ષકશ્રી, સુરત અને માંડવી તરફ જાણ તથા ઉક્ત બાબતે તમામ વાઈલ્ડલાઈફ વોર્ડન સાથે જરૂરી સંકલન કરી તમામ આયોજન સુચારુરૂપે પાર પાડવા બાબત.